## બાળક ભણવામાં ઠોઠ હોય એટલે તેનું કેરિયર પૂરુ એવું માનશો નહી

**-સંકલનઃ ડૉ. ભગુભાઇ આઇ. પ્રજાપતિ**

આજનાં આધુનિક યુગમાં સુપર રિચ લોકોના બાળકોને ટેબલ મેનરના કલાસમાં મોકલવામાં આવે છે. સેવન કોર્સ ડિનર લેતી વખતે કઇ સાઇઝનો કોળિયો લેવો અને મોઢું કેટલી માત્રામાં ખોલવું એ વિશે ધનિકોની આગવી પરિભાષા છે. જમવામાં ફોર્કનો ઉપયોગ થાય, ચમચી નીચે પડે તો એ અયોગ્ય ગણાય છે. બાળકોને સુસંસ્કૃત કરવા જોઇએ તેને શિસ્તના પાઠ ભણાવવા જોઇએ પરંતુ એટલું યાદ રાખવું જોઇએ કે બાળકો આખરે બાળકો છે.હવે અમીરો જ નહી બલ્કે મધ્યમવર્ગીય પરિવારોમાં પણ બાળકોને ભાતભાતના કૌશલ્યથી માહિર બનાવવાના નૂસ્ખા ચાલતા રહે છે. સવારે સ્વિમિંગ, કરાટે, બપોરે શાળા, સાંજે ટયૂશન, પછી ભારતનાટયમ અને હોમવર્ક..... આધુનિક યુગ કંઇક રીતે વિચિત્ર લાગે છે.તમે કોઇપણ પરિવારને આમંત્રણ આપવા જશો તો પહેલાં જ કહશે કે ટયૂશનમાંથી રજા મળવી મુશ્કેલ છે.

રસ્કિન બોન્ડે બહુ સરસ કહ્યું છે “બાળપણ તો અખૂટ ઝરણું છે પરંતુ આપણે ધીમે ધીમે બાળકની અંદર રહેલા બાળપણ, નિર્દોષતા અને ચંચળતાના સ્વભાવનું ગળું રૂંધી રહ્યાં છીએ.”

પાંચથી બાર વર્ષની વયે બાળકને ગેલગમ્મત કરવા હોય છે,દોસ્તારો સાથે રખડપટ્ટી કરે તે કુદરતી ઘડતરનો એક કુદરતી હિસ્સો જ છે. પરંતુ બાળકોના ઉછેર માટે પુસ્તકો અને વેબસાઇટોના લેખો વાંચીને પ્રયોગો કરતા મા-બાપોને એવું લાગે છે કે તેનું બાળક બગડી રહ્યું છે. બાળક તોફાની બની ગયું છે.

બાળકને છીક આવે ને પીડિયાટ્રિક સર્જન પાસે દોડી જતા મા-બાપોની મોટી સમસ્યા એ છે કે તેને પોતાના સંતાનની ચિંતા તો ખૂબ છે પરંતુ ચિંતા દૂર કરવાની તેમની પાસે પધ્ધતિઓ નથી. નસીબદાર પરિવારોના ઘરમાં “દાદીમાં” સાથે હોય છે.તેમના પ્રત્યે આત્મીયતા, સન્માન ઘણા ઓછાં ઘરોમાં જોવા મળે છે.નાની બિમારીમાં દાદી કદી બાળકને દવાખાને જવા દેતી નથી. તેની પાસે ધીરજ, સમજ અને ઇલાજ ત્રણેયનો સંગમ હોય છે. અગાઉ બાળકો એકલા નદીએ નહાવા જતા, ભેખડોમાં રમતા, ઝાડ પર ચડતા.... આજના મા-બાપ પોતાના બાળકને સ્કૂલ બસ સુધી પણ મૂકવા જાય છે. અગાઉ મા-બાપને બાળકની ચિંતા ન હતી એવું નથી પરંતુ સાહસના ગુણો વિકસાવવા જોખમ જરૂરી હોય છે. બાળક પડે, આખડે એમ જ મોટા થાય.... એવું ત્યારે સહજતાનથી મનાતું હતું, આજે સલામતી માટેનો દુરાગ્રહ એટલો વધી ગયો છે કે બાળક તેનું બાળપણ ગુમાવી દે ત્યાં સુધી તેને મા-બાપના બખ્તરમાં જ રહેવું પડે છે.

પોતાનું બાળક ભણવામાં હોશિયાર બને એ દરેક મા – બાપની ઇચ્છા હોય અને એમાં ખોટું પણ નથી પરંતુ બાળકની અંદર રહેલા જીજ્ઞાસાના ઝરણા અને ધીંગામસ્તીના ધોધને ખલેલ પહોંચાડશો નહી.

ટેલિફોનના શોધક એલેકઝાન્ડર ગ્રેહામ બેલના મૃત્યુને તાજેતરમાં ૧૦૦ વર્ષ પૂર્ણ થયા છે. બેલ રોયલ હાઇસ્કુલ એડિનબરો ( સ્કોટલેન્ડ ) માં ભણતા હતા પરંતુ ૧૫ વર્ષની ઉંમરે જ તેણે એ શાળા છોડી દીધી. તેણે ફકત ચાર જ ફોર્મ્સ પૂર્ણ કર્યા હતા. શાળાનો તેનો રેકોર્ડ સતત ગેરહાજરી ને નીચા ગ્રેડને કારણે બહુ સારો ન હતો.

તેમને પુસ્તકોની દુનિયાને બદલે વૃક્ષો, પાંદડા, જળચક્ર, વાદળો અને વિજ્ઞાનની અજાયબી સંમોહિત કરતી હતી. પડોશી મિત્રની ઘઉં દળવાની ઘંટી જોઇ તેણે સરળતાથી લોટ બનાવે તેવું હોમમેઇડ ડિવાઇસ માત્ર ૧૨ વર્ષની વયે બનાવ્યું હતું. બાળવયે તેની માર્કશીટ જોઇ મા – બાપને હતાશા થતી હતી પરંતુ સંગીત અને સાયન્સ માટેના તેના લગાવને તેની માતાએ પ્રોત્સાહન આપવામાં કોઇ કચાશ રાખી ન હતી. તરૂણ વયે જ માતાની સાંભળવાની શકિત ક્ષીણ થઇ જતા બેલ આપ મેળે જ ધ્વનિશાસ્ત્ર શીખી ગયા. તે પિયાનો વગાડતા, મિમિક્રી કરતા.

જિજ્ઞાસા અને પ્રયોગો એ બાળપણમાં કુદરતી રીતે વિકસવા જોઇએ. જે બેલમાં ભરપૂર વિકસ્યા. ઘરમાં રમકડા રમતા બાળકને તેની ગમતી શૈલીમાં પ્રયોગો કરાવતા કરાવતા ભણાવાય તો એ સહજતાથી શીખી જશે....

આજના મા – બાપની એક મોટી ફરિયાદ છે. અમારું બાળક આખ્ખો દિવસ કાર્ટૂન જોયા કરે છે. ગેમ રમ્યા કરે છે..... જવાબ બહુ સરળ છે. તમે બાળકને કંઇક એવો રોમાંચક વિકલ્પ આપો જે ટોમ એન્ડ જેરી કે રોડ રેસરથી વધુ રસપ્રદ હોય. બાળકને મેદાનમાં રમવા લઇ જાઓ.તેને જમ્પિંગ કરાવો, રેસ લગાવો, તેના દોસ્તોની સાથે રમતો રમાડો. તે કદી રિમોટને હાથ નહી લગાડે. પરંતુ પ્રશ્ન એ છે કે મા-બાપ પાસે સમય નથી અથવા તો બાળકને સમજવાની સમજ નથી. સમય હોય તો બાળપણને મહેસૂસ કરી શકાય છે.

બાળક સાથે વાતો કરો, તેના પ્રશ્નોને સાંભળો.... તમને એક અજાયબ નિર્દોષતાનો અનુભવ થશે. તમે મિત્રો સાથે કલાકો ગપ્પા મારો ત્યારે બાળકને બાજુમાં બેસાડી રાખો છો, લગ્ન પ્રસંગમાં તમને દુનિયાદારીમાં રસ પડે પરંતુ બાળકનું વિચારો.... એ તો સામાનના પોટલાની જેમ તમારી સાથે ઢસડાય છે. એમના રસને, રુચિને ઓળખીને તેનું સન્માન કરો. દેવેન્દ્રનાથ ટાગોર ટોચના જમીનદાર હતા પરંતુ તેમણે રવિન્દ્રનાથને કાવ્યના ક્ષેત્રમાં વિકસવાની તક આપી. ખલીલ જિબ્રાને લખ્યું છે કે પ્રત્યેક માતા –પિતા માટે ભગવાને એક નિયમ બનાવ્યો છે.તમારા સંતાન ઉપર તમારી ઇચ્છાઓ લાદશો નહી.

દરેક મા-બાપે શીખવા જેવી વાત એ છે કે દરેક બાળકમાં જુદી-જુદી અસીમિત ક્ષમતાઓ છે. તેમની કલ્પના શકિતને વિકસવા દો.

## Every Child is Special & Unique

## શાળાકીય પ્રવૃતિઓ (મા. વિ. અને ઉ.મા. વિ.)

**૪/૩/૨૨** પરમ પૂજ્ય નારાયણ બાપુના આશ્રમમાં ભવ્ય ત્રિવેણી સંગમ સમા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું જેમાં ધોરણ -૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓનો વિદાય શુભેચ્છા કાર્યક્રમ, ગુજરાતી માધ્યમ નારાયણ ધ્વનિ અંક – ૨૮ અને અંગ્રેજી માધ્યમનો નારાયણ ધ્વનિ અંક - ૫/૨૯ ની વિમોચન વિધિ તેમજ રાજ્ય કક્ષાએ અને રાષ્ટ્રીય કક્ષાએ ઉચ્ચ સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓનું અને શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું.

**૫/૩/૨૨** શાળાના પટાંગણમાં સંગીતમય સુંદરકાંડનું આયોજન કરવામાં આવ્યું.

**૧૯/૩/૨૨** નાટ્યદીપોત્સવ: શાળાના વિદ્યાર્થીઓમાં નાટ્યકલાનો વિકાસ થાય તે હેતુથી ધો - ૬ થી ૧૧ ના કુલ ૧૨ નાટકો શાળાના પટાંગણમાં યોજાયા.

**૨૫/૨/૨૨** કે.જે.પોલીટેકનીક ભરૂચ ખાતે યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં નારાયણ વિદ્યાલય શાળાની ધો - ૯ અને ૧૧ ની વિદ્યાર્થીનીઓએ ગરબાની કૃતિ રજૂ કરી હતી. કન્વીનર: વંદનાબેન ભાભોર

**૧૨/૪/૨૨** ભરૂચ શહેરના વિવિધ ભાજપા કાર્યકરો દ્વારા આયોજીત રસીકરણ જાગૃતિ અંતર્ગત શાળામાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું જેમાં **દક્ષાબેન પટેલ, શ્રી નિરવભાઇ પટેલ,શ્રી ફતેસિંહભાઇ,શ્રી પ્રકાશભાઇ,શહેરનાં મહામંત્રી શ્રી જતીનભાઇ** નગરપાલીકા ભાજપા ભરૂચ કાર્યકરો તરફથી સમાજની સેવા, સહાય વિકાસ માટે હંમેશા જાગૃત એવા સૌ વરિષ્ઠ કાર્યકર્તા હાજર હતા. ભરૂચ જિલ્લાના મહામંત્રી **શ્રી વિરલભાઇ,શ્રી ભાવિનભાઇ**,જેમણે રસીકરણ ઉપરાંત આયુષ્યમાન કાર્ડની માહિતી આપી બાળકોને વિવિધ સરકારી સહાયો વિશે જણાવ્યું.





**૨૩/૬/૨૨** ધો - ૧૧ ના વિદ્યાર્થીઓનો શાળામાં પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો.




**૨૮/૬/૨૨** શ્રી અંકિત પ્રજાપતિ એ શાળાના પ્રાર્થના સંમેલનમાં એકાગ્રતા કેવી રીતે વધારી શકાય તે બાબતે પોતાના પ્રયોગો રજુ કર્યા ત્યારબાદ શાળાના વિદ્યાર્થીઓનો ૩ દિવસનો સેમીનાર યોજયો.




The best way to predict your future is to create it

**૨/૭/૨૨** શાળા પંચાયત અંતર્ગત G.S અને L.R ની ચૂંટણી યોજવામાં આવી જેનું પરિણામ નીચે મુજબ છે.



| | મા.વિ | ઉ.મા.વિ |
|---|---|---|
| G.S | પુરોહિત હર્ષિલ મનિષભાઇ (૧૦ બ) | પીઠડીયા અપૂર્વ જીનિયસ(૧૨ વિ.પ્ર) |
| L.R | પટેલ નિર્વા મંયકભાઇ (૧૦ બ) | રાજ દૃષ્ટિ કિશોરસિંહ (૧૧ વિ.પ્ર) |



**૯/૭/૨૨** શાળા પંચાયત અંતર્ગત શાળાના વિવિધ વિદ્યાર્થીઓની સમિતિના કન્વીનર શિક્ષકો સાથેની મિટીંગ યોજવામાં આવી હતી. જેમાં કન્વીનર શિક્ષકો દ્વારા તેમની સમિતિના વિદ્યાર્થીઓને તેમની કામગીરી વિશે માર્ગદર્શન તથા આયોજન આપવામાં આવ્યું.